એક સમસ્યા દૂર કરવા જતા બીજી સમસ્યા ઉભી થઈ

ગાંધીનગર શહેરના માર્ગો પર એકઠી થતી ધૂળને સાફ કરવા મનપા દ્વારા રોડ સ્વીપર મશીન ફેરવવામાં આવી રહ્યું છે. ગઈ કાલે આ જાયન્ટ મશીન દ્વારા ત્રણ નંબરના રોડ પર સફાઈ કામ કરવામાં આવી રહ્યું હતું ત્યારે સેકટર-૧૩ પાસે બપોરના ચુમારે એક ગટર પરથી પસાર થતી વખતે ઢાંકણું મશીનના વજનથી તુટી જતા આ રોડ સ્વીપરનું પાછળનું ટાયર ફસાઈ ગયું હતું. (તસવીર : સમીર રામી)

ડભોડા નજીક વહેલાલ ગામે એમ્બ્યુલન્સ-બાઈક અથડાતા અકસ્માતમાં મહિલાનું મોત

ગાંધીનગર, તા. ૩

દહેગામ-નરોડા માર્ગ પર વહેલાલ ગામના વળાંક પાસે સવારના સમયે એમ્બ્યુલન્સ અને બાઈક સામ-સામે અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં એક મહિલા અને પુરૂષને ગંભીર ઈજાઓ થતા અમદાવાદ સિવિલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં મહિલાનું કરૂણ મોત નિપજયું હતું. આ સંદર્ભે ડભોડા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર અમદાવાદના દસક્રોઈ તાલુકામાં રહેતા લક્ષ્મણજી બારૈયાની ૩૦ વર્ષીય દિકરી ભૂરીબેન ઉર્ફે હિરાબેન લક્ષ્મણજી બારૈયાને થોડા સમય અગાઉ ગાંધીનગર નજીક પેથાપુર ગામે લગ્ન કર્યા હતા. દરમિયાન આજે ભૂરીબહેનનો ભાઈ ગોવિંદભાઈ મોટી બહેનને બાઈક પર બેસાડી પેથાપુર સાસરીએ મુકવા આવતા હતા દરમિયાન ૧૨ વાગ્યાના સુમારે દહેગામ-નરોડા માર્ગ પર વહેલાલ ગામના વળાંક પાસે પહોંચતા મોડાસાની સંજીવની હોસ્પિટલની એક એમ્બ્યુલન્સ નં. જીજે-૯-એક્ષ-૩૮૭૨ અને બાઈક સામસામે જોરદાર અથડાયા હતા. જેથી ગંભીર અકસ્માત સર્જાયો હતો. ગંભીર રીતે ઘાયલ બાઈક સવાર ભાઈ-બહેનને શરીરે વધુ ઈજાઓ થતા સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં બહેનનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજયું હતું. જયારે ગોવિંદભાઈની હાલત નાજુક છે. આ સંદર્ભે ડભોડા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. તેની તપાસ કિરીટસિંહ ચલાવી રહ્યાં છે.

બાલવા ખાતે યોજાયેલ રસ્સાખેંચ અને ખેલ મહાકુંભમાં વિદ્યાર્થીઓ ઝળક્યા

ગાંધીનગર, તા. ૩

કલોલ તાલુકાની રસ્સાખેંચ સ્પર્ધા અને ખેલમહાકુંભ-૧૩ એથ્લેટીક્સ સ્પર્ધા સ્વામિનારાયણ હાઈસ્કૂલ, બાલવા ખાતે યોજવામાં આવી હતી.

તાલુકાની યોજાયેલ રસ્સાખેંચ સ્પર્ધામાં અલગ-અલગ વયજૂથના ભાઈઓ અને બહેનોએ ભાગ લીધો હતો. તેમાં ૬૦ સિનિયરોએ પ્રથમ નંબર મેળવ્યો હતો. તેમજ ખેલ મહાકુંભમાં અન્ડર-૧૬ અને ૧૬ વર્ષથી ઉપરના વિદ્યાર્થીઓએ ભાગ લઈ સ્પર્ધામાં બાજી મારી હતી.

ખેલમહાકુંભ-૧૩ સ્પર્ધામાં ૧૬ વર્ષથી ઉપરમાં ભાઈઓમાં અક્ષય ચૌધરીએ લાબીકૂદ, લંગડીફાળ અને ઊંચીકૂદમાં અને મીત ચૌધરી ૧૫૦૦ મી.મા પ્રથમ સ્થાન મેળવ્યું હતું અને બહેનોમાં મનિષા ચૌધરી ૪૦૦ મી. લાંબીકૂદ અને નિશા ચૌધરી ચકફેંકમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. જયારે અન્ડર-૧૬ ભાઈઓમાં નરેશ પટેલ ૧૦૦ મી.માં, કુલદીપ ભાટી ૨૦૦ મી.મા, સંજય ઠાકોર ૪૦૦ મી.માં, રૂચિન ચૌધરી ૮૦૦ મી.માં, અવિનાશ ચૌધરી ૧૫૦૦ મી.મા, કિરીટ ભાટી લાંબીકૂદમાં, કાર્તિક ચૌધરી ગોળાફેંકમાં પ્રથમ સ્થાને રહ્યા હતા. જયારે અન્ડર-૧૬ બહેનોમાં ભૂમિ ચૌધરી ૧૦૦ મી.માં અને સૃષ્ટિ ચૌધરીએ ૨૦૦ મી. અને ૧૫૦૦ મી.માં પ્રથમ સ્થાને રહી હતી.

બાલવા સ્કૂલનું ગૌરવ વધારવા બદલ વ્યાયામ શિક્ષક શૈલેષકુમાર પટેલ, અર્જુનસિંહ પરમાર તેમજ ટ્રસ્ટી મંડળે અભિનંદનની વર્ષા વરસાવી હતી.

ઉવારસદના વિકલાંગ વિદ્યામંદિરે વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી કરાઈ

આ પ્રસંગે રમતોત્સવ યોજી બાળકોની પ્રવૃત્તિઓને બિરદાવાયી

ગાંધીનગર, તા. ૩

ગઈકાલે વિશ્વ વિકલાંગ દિવસ નિમિત્તે ગાંધીનગર તાલુકાના ઉવારસદ ગામે આવેલ સદ્‌વિચાર પરિવાર દ્વારા સંચાલિત વિકલાંગ પુર્નવસન કેન્દ્ર ખાતે સુંદર રીતે ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી નિમિત્તે અહીના વિકલાંગ વિદ્યા મંદિર ખાતે વિવિધ રમતો માટેનો રમતોત્સવ યોજવામાં આવ્યો હતો.

વિશ્વભરમાં વિકલાંગોની સમસ્યાઓ સમજવા અને તેમના પ્રત્યે જાગૃતિ કેળવવાના હેતુસર ૩જી ડિસેમ્બરને વિશ્વ વિકલાંગ દિન તરીકે ઉજવવામાં આવે છે. ગાંધીનગરની પાસે આવેલા ઉવારસદ ગામે સદ્‌વિચાર પરિવાર દ્વારા શ્રી હીરાલક્ષ્મી ભીખાલાલ બેન્કર વિકલાંગ પુર્નવાસ કેન્દ્ર ચલાવવામાં આવે છે. તેમજ તેની સાથે શ્રી શારદાબેન કાંતિભાઈ દેસાઈ વિકલાંગ વિદ્યામંદિર પણ ચલાવવામાં આવે છે. વિશ્વ વિકલાંગ દિવસે આ વિદ્યામંદિરમાં ઉજવણી કરાઈ હતી. જેમાં લાયન્સ અને લાયોનસ ક્લબ ઓફ અમદાવાદ કોર્ટના પ્રમુખ, ક્લબના ગર્વનર તથા સ્ટેટ બેંક અમદાવાદના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સ્ટેટ બેંકના સી.એમ. મહેન્દ્ર કંસારા પોતે વિકલાંગ હોઈ જીવનમાં તેમણે કેવા કેવા પડકારોનો સામનો કરી કેવી રીતે આગળ આવ્યા તે વિદ્યામંદિરના વિકલાંગ બાળકો સમક્ષ વર્ણવી અનોખુ પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. આફતને અવસરમાં પલટાવી પડકારને પ્રસંગમાં ફેરવવા માટે તેમણે વિકલાંગ બાળકોને દૃઢ આત્મવિશ્વાસ અને સખત પુરુષાર્થ સાથે અભ્યાસ કરવા અનુરોધ કર્યો હતો. લાયન્સ અને લોયોનેસ ક્લબના અમદાવાદ કોર્ટના પદાધિકારીઓએ પણ વિકલાંગોને સમાજનું અવિભાજ્ય અને ક્રિયાશીલ અંગ ગણાવી અપંગ એ અસહાય નહી પરંતુ એની અંદર શક્તિપૂંજ રહેલો હોવાનું જણાવ્યું હતું. તેમણે આ બાળકોને માત્ર પ્રેરણાની જરૂર હોવાનું જણાવી તેમની પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

આ પ્રસંગે વિદ્યામંદિર દ્વારા વિવિધ રમતો સાથેના રમતોત્સવનું આયોજન કરાયું હતું. આ રમતોત્સવમાં ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન વડે વિજયી બનનાર બાળકોને શાળા પરિવાર તરફથી પ્રોત્સાહનરૂપ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

ચિલોડા-હિંમતનગર માર્ગ પર અજાણ્યા વાહનની ટક્કરે અજાણ્યા પુરૂષનું મોત

ગાંધીનગર, તા. ૩

ચિલોડા-હિંમતનગર માર્ગ પર એસ.આર. પેટ્રોલ પંપ નજીક ગત મોડી સાંજે એક અજાણ્યા વાહનની ટક્કરે અજાણ્યા વ્યક્તિનું કરૂણ મોત નિપજ્યું હતું. આ મામલે ચિલોડા પોલીસે ગુનો નોંધી મૃતકના પરિવારજનોની શોધખોળ હાથ ધરી છે. જો કે આ અકસ્માત અંગે હાલ અનેક શંકાઓ પેદા થઈ રહી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર નજીક ચિલોડા-હિંમતનગર માર્ગ હાલ અકસ્માત ઝોન સાબિત થઈ રહ્યો છે. દરરોજ સવાર-સાંજ નાના-મોટા અકસ્માત સર્જાઈ રહ્યા છે. ત્યારે ગતરોજ ફરી એક અજાણ્યા વાહને એક અજાણ્યા પુરૂષનો ભોગ લીધો હતો. ચિલોડા-હિંમતનગર માર્ગ પર એસ.આર. પેટ્રોલ પંપ નજીકથી સફેદ રંગના કપડા તેમજ કાળા રંગના બુટ પહેરેલ અજાણ્યા પુરૂષને માર્ગ પરથી પસાર થઈ રહેલ અજાણ્યા વાહને અડફેટે લઈ જોરદાર ટક્કર મારી હતી અને પુરપાટ ઝડપે વાહન હંકારી વાહનચાલક નાશી છૂટ્યો હતો.

બાદમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત પુરૂષનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. મોડી રાત્રે ઘટેલી આ ઘટનાની જાણ ચિલોડા પોલીસને થતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી જો કે માર્ગ અકસ્માત થતા મૃતદેહ પર ઉપરથી અનેક વાહન પસાર થતા મૃતકનું માથુ અને પગ સાવ છુંદાઈ ગયા હતા.

આથી મૃતકની ઓળખ થવી મુશ્કેલ બની છે. તો બીજી તરફ મૃતકની આ પ્રકારની હાલત અનેક પ્રકારની શંકાઓ જન્માવી રહી છે. હાલ ચિલોડા પોલીસ આ સંદર્ભે મૃતકના મૃતદેહને પી.એમ. અર્થે મોકલી તેના વાલીવારસની શોધખોળ હાથ ધરી છે. જે અંગે પી.એસ.આઈ. એમ.સી. ગોહીલ અને વિરેન્દ્રસિંહ રાવ તપાસ ચલાવી રહ્યા છે.

ગાંધીનગર એબસ્કવૉન્ડરની ટીમે નાસતો ફરતો આરોપી ઝડપી પાડયો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના અનેક વિસ્તારોમાં રીક્ષામાં મુસાફરો ને લૂંટી લેવાની ઘટનામાં સંડોવાયેલ એક શખ્સ અંગે આજે ગાંધીનગર પોલીસની એબસ્કવૉન્ડરની ટીમને મળતા આ ટીમે અમદાવાદના છારા નગર ખાતેથી બાતમીના આધારે આરોપીને ઝડપી પાડી તેને ગાંધીનગર સે-૨૧ પોલીસ મથકમાં સોંપી દીધી હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર પોલીસની એબસ્કવૉન્ડર ટીમના પી.એસ.આઈ.ઓ. એમ દેસાઈને ખાનગી બાતમી મળી હતી કે થોડા સમય પહેલા શહેરના સે-૭ પોલીસ મથકની હદમાં રીક્ષામાં મુસાફરોને બેસાડી લૂંટી લેવાના ગુનામાં સંડોવાયેલ એક શખ્સ વિક્રમ ઉર્ફે બોળો રમણભાઈ દંતાણી છારાનગર અમદાવાદમાં છે. જે બાતમીના આધારે આજે આ એબસ્કવૉન્ડર ટીમના સભ્યોએ પી.એસ.આઈ.ની આગેવાનીમાં બાતમી સ્થળે દરોડો પાડી આરોપી વિક્રમ ઉર્ફે બોળો દંતાણીને ઝડપી પાડયો હતો અને તેની પુછપરછ હાથ ધરી હતી અને તેને વધુ પુછપરછ માટે સે-૨૧ પોલીસને હવાલે કર્યો હતો.

વય નિવૃત્ત પાટનગર યોજના વિભાગના કર્મચારીઓનો વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૩

પાટનગર યોજના વિભાગના કર્મચારીઓ વય નિવૃત્ત થતા વિદાય સમારંભ હોટલ પથિકાશ્રમ ખાતે યોજાઈ ગયો.

ગાંધીનગર ખાતે આવેલી પાટનગર યોજના વિભાગ કચેરીમાં ફરજ બજાવતા ભાર્ગવ જોષી, અધિક મદદનીશ ઈજનેર અને માનસિંહ રાવ ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા. તેઓ તા. ૩૦ નવેમ્બરના રોજ વય નિવૃત્ત થતા વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમ અંતર્ગત ભાર્ગવ જોષીએ પોતાના ૩૪ વર્ષના અનુભવો વાગોળ્યા હતા અને ટેકનીકલ માર્ગદર્શન આપતી પુસ્તિકાનું સ્ટાફમાં વિતરણ કરી હતી.

આ પ્રસંગે કચેરીના કા.ઈ. શ્રી જી.કે. શાહે કર્મચારીઓની કામગીરીને બિરદાવી હતી અને તેમની ખોટ હંમેશા સાલશે તેમ જણાવ્યુ હતુ. સમારંભમાં કચેરીના કર્મચારીઓ, પેટા વિભાગના કર્મચારીઓ કલેરીકલ બ્રાન્ચ અને પી.બી. બ્રાન્ચ દ્વારા મોમેન્ટો આપી બિરદાવ્યો હતો.

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક ગુરુવારે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને તા. ૫મી ડિસેમ્બર ગુરુવારના રોજ સેકટર-૨૨માં સ્વસ્તિક કોમ્પ્લેક્ષમાં બીજે માળે આવેલ સંસ્થાના કાર્યાલય ખાતે બપોરે ૪ વાગે મળનાર છે. આ બેઠકમાં અગત્યના મુદ્દાઓની ચર્ચા કરવાની હોઈ સર્વેપદાધિકારીઓને અને કારોબારી સભ્યોને અચુક હાજર રહેવા પ્રવર મંત્રી ડી.પી. સંઘાણીએ અનુરોધ કર્યો છે.

રન ફોર યુનિટીના આયોજન સંદર્ભે કલોલ ખાતે બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં તા. ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ યોજાનાર રન ફોર યુનિટીના કાર્યક્રમમાં મહત્તમ લોકો સહભાગી બને તે હેતુથી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સુચારુ આયોજન કરવામાં આવી રહયું છે. આ સંદર્ભ જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપના અધ્યક્ષસ્થાને કલોલની ગવર્નમેન્ટ ટેકનિકલ સ્કૂલ ખાતે એક બેઠક યોજવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપે સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ કાર્ય અંગેની વિગતે રૂપરેખા આપી હતી. ભારતની એકતા અને અખંડિતતાના શિલ્પી સરદાર વલ્લભાઈ પટેલની પુનિત સ્મૃતિમાં રચાનાર આ ભવ્ય સ્મારક માટે જન ભાગીદારી-જનજાગૃતિના હેતુથી રન ફોર યુનિટી કાર્યક્રમ યોજાનાર છે. આપણા સહુના ગૌરવ રૂપ આ કાર્યક્રમને આપણે સાથે મળી સફળ બનાવીએ એમ તેમણે જણાવ્યું હતું.

આ -સંગે જિલ્લા વિકાસ અદ્યિકારી શ્રી વિકટર મેકવાન અને કલોલ -ાંત અદ્યિકારી શ્રી -દિપસિંહ રાઠોડે રન ફોર યુનિટી કાર્યક્રમની માહિતી આપી તેમાં વ્યાપક સંખ્યામાં જોડાવા સહુને અનુરોદ્ય કર્યો હતો.

આ બેઠકમાં માણસા અને કલોલની નગરપાલિકાના -મુખશ્રી, માણસા તાલુકા પંચાયતના -મુખશ્રી, માણસા-કલોલના જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયત સદસ્યશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, સરપંચો, વિવેકાનંદ મંડળના -તિનિદ્યિઓ, વિવિદ્ય સંસ્થાઓના હોદેદારો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં.

ઉલ્લેખનીય છે કે, કલોલ અને માણસા શહેર તથા તાલુકા, નગરપાલિકા વિસ્તારના મળી અંદાજે ૨૦,૦૦૦ ઉપરાંત લોકો રન ફોર યુનિટીના કાર્યક્રમમાં ભાગ લે તેવું આયોજન છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ડૉ. આંબેડકર નિર્વાણ દિને પુષ્પાંજલિ અર્પણ કરાશે

ગાંધીનગર, તા. ૩

દલિત અધિકાર સંઘ ગુજરાત, ગાંધીનગર જિલ્લા દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર નિર્વાણ દિને તા. ૬ ડિસેમ્બર સવારે ૯.૩૦ કલાકે 'પ્રેરણાભૂમિ' પ્રતિમા સંકુલ ખાતે પુષ્પાંજલિ આપવામાં આવશે જેમાં પ્રદેશ પ્રમુખ અલ્પેશભાઈ ફકીરભાઈ વાઘેલા ઉપસ્થિત રહેશે તેમ જિલ્લા પ્રમુખ કાન્તિભાઈ પરમારે જણાવ્યું છે.

'રન ફોર યુનિટી'ની તૈયારીમાં લાગેલું નગરનું રમત-ગમત સેલ

ગાંધીનગર, તા. ૩

ભારતીય જનતા પાર્ટી રમત ગમત સેલની પ્રદેશ કારોબારી ૧-૧૨-૨૦૧૩ને રવિવારે, ભા.જ.પા. પ્રદેશ

કાર્યાલય ખાનપુર ખાતે પ્રદેશ કન્વીનર શ્રી ગૌરાંગ પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી. આ પ્રદેશ કારોબારીમાં ગુજરાતના વિવિધ જિલ્લા-મહાનગરોમાંથી રમત ગમત સેલના કન્વીનરશ્રીઓ, સહ કન્વીનરશ્રીઓ તથા પ્રદેશ પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં યોજાયેલ સમગ્ર પ્રદેશ બેઠક દરમ્યાન શ્રી ડૉ. અનિલભાઈ પટેલ (પ્રભારી વિવિધ મોરચા-સેલ) ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું.

આ સમગ્ર બેઠકમાં રાજયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વ વાળી રાજય સરકારના રમત ગમત વિભાગ દ્વારા સતત ચોથા વર્ષના 'ખેલ મહાકુંભ' સફળ આયોજન બદલ રાજયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન આપતો રમતગમત સેલના પ્રદેશ કન્વીનર ગૌરાંગ પટેલે કર્યો હતો જેને સૌએ વધાવ્યો હતો.

સરદાર સાહેબની પુણ્યતિથિના દિવસે એટલે તા. ૧૫-૧૨-૨૦૧૩ના રોજ રાજય સરકાર દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે 'લોખંડ સંગ્રહ અભિયાન'ના શુભ આરંભ પ્રસંગે સમગ્ર દેશમાં ૫૬૫ જેટલી 'રન ફોર યુનિટી' દોડનું આયોજન થનાર છે ત્યારે ગુજરાતના તમામ તાલુકા અને જિલ્લા મથકોએ તેનું આયોજન થશે ત્યારે રમત ગમત સેલ આ દોડમાં મોટી સંખ્યામાં ખેલાડીઓ તથા રમત ગમત પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ લોકોને ઓનલાઈન તેમજ પ્રત્યક્ષ રીતે મોટી સંખ્યામાં જોડી ભાગ લઈ 'સરદાર સાહેબ'ના વિરલ વ્યક્તિત્વને વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

સમગ્ર પ્રદેશ બેઠક દરમ્યાન રમત ગમત સેલના વિવિધ સંગઠનાત્મક વિષયો તેમજ સેલ દ્વારા આગામી દિવસોમાં ખેલમહાકુંભના વિજેતા ખેલાડીઓના સન્માનના કાર્યક્રમો, સમગ્ર ગુજરાતમાં તાલુકામંડળ સુધીનું સંગઠન રચી અને તેમના ઝોન કક્ષાના સંમેલનો યોજી સરકારની વિવિધ રમત ગમત લક્ષી યોજનાઓ વચ્ચે સેતુરૂપ ભૂમિકા

ભજવશે તથા વિવિધ વિસરાયેલી રમતોના પ્રોત્સાહન માટે પ્રત્યેક જિલ્લો મહાનગરે રમતોની સ્પર્ધાઓનું આયોજન હાથ ધરશે. ગાંધીનગર જિલ્લાના રમત ગમત સેલના સહ કન્વીનર કિલ્લોલ સાપરીયા અને સંજય થોરાત તેમજ કન્વીનર બિપીન જોષીએ ગાંધીનગરમાં રમત-ગમતનો વ્યાપ વધારવાનું આહ્‌વાહન ઝડપ્યું હતું.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૯
સૂર્યાસ્ત : ૫.૫૬

તાપમાન

મહત્તમ : ૩૩.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૩.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૪ ટકા ● સાંજે ૪૭ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ગોરી તેરે પ્યાર મેં : ૯.૩૫, ૬.૨૫
કોઈ ને કહેશો નહીં (ગુજરાતી) : ૧૨.૩૫
સીંઘ સાબ ધ ગ્રેટ : ૩.૨૫
રામલીલા : ૯.૨૫

: સ્ક્રીન-૨ :

બુલેટ રાજા : ૧૦.૪૦, ૧.૪૦, ૪.૪૦, ૭.૪૦, ૧૦.૪૦

: સ્ક્રીન-૩ :

બુલેટ રાજા : ૯.૧૦, ૧૨.૧૦, ૩.૧૦, ૬.૧૦, ૯.૧૦

: સ્ક્રીન-૪ :

રામલીલા : ૯.૧૦, ૧૨.૨૫, ૩.૩૦, ૬.૫૫, ૧૦.૧૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :

બુલેટ રાજા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

રામલીલા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

મૂર્યા, વાવોલ

બુલેટ રાજા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
આત્મા : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

બૂલેટ રાજા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

રામલીલા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સિરાગ, કલોલગ, કલોલ

ઠાકોરની લોહીભીની ચૂંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : નવા આર્થિક સાધનો પર કાર્ય થશે. આપના દ્વારા કરાયેલા પ્રયત્નોથી વેપારને નવી ઊંચાઈઓ પ્રાપ્ત થશે. મનમાં ઉલ્લાસ અને જોશમાં વધારો થઈ શકશે. જે તમારા કાર્ય અને વેપારમાં કોઈ નવી ગતિ પ્રદાન કરશે.

વૃષભ : વિવાદોથી બચવું. વિશેષ પ્રયત્નથી કરવામાં આવેલા કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. નોકરીમાં સ્થિતિ સામાન્ય રહે તેવી શકયતાઓ છે.

મિથુન : નવા કાર્યો માટે ભાગદોડ થશે. ઉદાર મન તથા ક્ષમાવાન વ્યવહારથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં તમારા આચરણની લોકો પ્રસંસા કરશે, નવા સંબંધ બંધાશે. ભાગીદારોથી વિશેષ લાભ થવાની સંભાવના છે.

કર્ક : ભૌતિક સુધ પ્રાપ્ત થશે. જ્ઞાન, સાહિત્ય શિક્ષાનું ઉચ્ચસ્તરીય અધ્યયન થશે અને તેમા તમારો મોટાભાગનો સમય પસાર થશે. કૌટુંબિક મતભેદ સમાપ્ત થશે. વિદ્યાર્થીઓને ભણવામાં મન લાગશે.

સિંહ : કાર્યનો વિસ્તાર અને તેમાં નવીનતાનો પણ યોગ બનશે જે તમને મદદરૂપ સાબિત થઈ શકે છે. કૌટુંબિક કષ્ટ અને સમસ્યાઓનો સમાપ્ત થવાની શકયતાઓ છે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

કન્યા : વિશેષ લેવડ-દેવડથી બચવું. અર્થની પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. પરિશ્રમથી કાર્યમાં શુભ પરિણામ પ્રાપ્ત થાય છે. માતા-પિતાની ચિંતાઓ દૂર થતી જણાય. કાર્યોમાં વિલંબ થવાની સંભાવના છે .

તુલા : આપના દ્વારા વિવેકના વિપરિત કાર્ય થવાને કારણે હાનિ થઈ શકે છે. અટકેલા ધન માટે પ્રયાસ કરવાથી લાભ થવાની સંભાવનાઓ રહેલી છે. સગા-સ્નેહી, મિત્રો સાથે મુલાકાત થઈ શકશે.

વૃશ્ચિક : વ્યાપારિક ક્ષેત્ર વિસ્તૃત થઈ શકશે. વિરોધીઓ હેરાન-પરેશાન કરી શકે છે. જેનું ધ્યાન રાખીને પોતાની કામગીરી કરવી. કૌટુંબીજનો સાથે વાદવિવાદ ન થાય તેની કાળજી રાખવી.

ધન : કાર્યોમાં નવીન સમસ્યાઓ આવવાની શકયતાઓ છે. જેથી ધૈર્ય અત્યંત જરૂરી છે. ખર્ચ પર નિયંત્રણ રાખવું. નાણાંકીય મુશ્કેલીઓને કારણે મન અશાંત રહેશે.

મકર : માનસિક સંતોષ થતાં પ્રસન્નતા પ્રાપ્ત થશે. સંતાનની પ્રગતિના સમાચાર આજે પ્રાપ્ત મળી શકે છે. પૂર્વમાં કરલે કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકે છે. સુખદ યાત્રાનો યોગ બની રહ્યો છે.

કુંભ : સંપત્તિની ખરીદારીમાં લાભ પ્રાપ્ત થશે. સમાજ અને રાજકારણમાં ખ્યાતિમાં અભિવૃદ્ધિ થશે. આર્થિક સ્થિતિ સુદૃઢ બનશે.

મીન : ઉચ્ચ સ્તરીય કલ્પનાઓમાં સમય પસાર થઈ શકે છે. યાત્રા-પ્રવાસ દરમ્યાન સાવધાની રાખવી હિતાવહ છે. કલાત્મક ક્ષેત્રોમાં વિશિષ્ટ ચિંતનનો યોગ બની રહ્યો છે. સત્સંગ થશે.

ચિરવિદાય

- સ્વ. લીલાવતીબેન લક્ષ્મીચંદ મહેતા (ઉ.વ. ૮૯) પ્લોટ નં. ૧૩૨૬/૨, સેકટર-૭/ડી, ગાંધીનગર.
- સ્વ. લીલાબા કેહુજી ગોહીલ (ઉ.વ. ૫૧) પ્લોટ નં. ૮૦૮/૨, સેકટર-૫/સી, ગાંધીનગર.
- સ્વ. ઉષાબેન પ્રવિણભાઈ પંચાલ (ઉ.વ. ૬૫) બ્લોક નં. ૭૯૨/સી/૨, સેકટર-૨૧, ગાંધીનગર.
- સ્વ. સજનબા બબાજી વાઘેલા (ઉ.વ. ૮૫) મુ.પો લેકાવાડા, તા., જિ. ગાંધીનગર.